# BUSINESS મિત્ર

**તણાવ ઘટવાના સંકેતે રોકાણકારોમાં ઉત્સાહ, મેટલ અને રિલાયન્સ શેરોમાં તેજીની આગેવાની**

# શેરબજારમાં જોરદાર રિકવરી: સેન્સેક્સ ૧૦૦ પોઈન્ટ ઉછળ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 5:** ઈરાનના નાયબ વિદેશ પ્રધાને અમેરિકા કેટલીક શરતોનું પાલન કરે તો દેશ તેના પરમાણુ કાર્યક્રમને છોડી દેવા તૈયાર છે. ભૌગોલિક રાજકીય તણાવના કારણે છેલ્લા ત્રણ દિવસથી શરેબજારમાં વેચવાલી જોવા મળી હતી, જેમાં આજે રીકવરી જોવા મળી હતી. સેન્સેક્સમાં 900 પોઈન્ટનો ઉછાળો જોવાયો હતો, જ્યારે નિફ્ટી 24750 પોઈન્ટની સપાટી કુદાવીને બંધ રહ્યા હતા.

આજે શેરબજારમાં રિલાયન્સ ઈન્ડ.એ આગેવાની લીધી છે, ત્યારબાદ મેટલ શેરોમાં રીકવરી સાથે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. જોકે, આજે આઈટી શેરોમાં વેચવાલી ચાલુ રહી હતી.

બીએસઈ સેન્સેક્સ 80000 પોઈનટની સપાટી કુદાવી હતી, જે ફરીથી 900 પોઈન્ટ જેટલો ઉછળ્યો હતો. આજે સેન્સેક્સ 899.71 પોઈનટ એટલે કે 1.14 ટકા ઉછળીને 80015.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 80303 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 79201 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. નિફ્ટી 285.40 પોઈન્ટ એટલે કે 1.17 ટકા વધીને 24750 પોઈન્ટની સપાટી કુદાવીને 24765.90 પોઈન્ટના સ્તરે બંદ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24854 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24529 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 300.60 પોઈન્ટ એટલે કે 0.51 ટકા વધીને 59000 પોઈન્ટની સપાટી કુદાવીને 59055.85 પોઈન્નટા સ્તરે બંધ રહ્યા હતા.

### શેરબજારમાં મજબૂતાઇથી રૂપિયો સુધર્યો, 92ની નીચે

ભારતીય શેરબજારમાં આજે રીક્વરી જોવા મળી હતી, તેની સીધી અસર કરન્સી બજારમાં પણ જોવા મળી હતી. ડોલર 92ને પાર નીકળી ગયા બાદ આજે રૂપિયો રીક્વર થયો હતો અને મજબૂતાઇ સાથે 92ની નીચે ઉતરી ગયો હતો. ડોલરની સામે રૂપિયો 56 પૈસા મજબૂત થઇને 91.60ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 92.16ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.51, પાઉન્ડ 122.13, કેનેડિયન ડોલર 67.35, ઓસ્ટ્રેલિયન ડોલર 65.03, જાપાનીઝ યેન 0.5821 અને સીંગાપોર ડોલર 71.56ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 91.60 રૂ. |
| યુરો | 106.51 રૂ. |
| પાઉન્ડ | 122.13 રૂ. |
| યેન | 0.5821 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 899.71 | 80015.90 |
| નિફ્ટી | 285.40 | 24765.90 |
| બેન્ક નિફ્ટી | 300.60 | 59055.85 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 4.52 | 1499.30 |
| લાર્સન-ટુબ્રો | 4.02 | 4038.70 |
| હિન્દાલ્કો | 3.60 | 954.95 |
| એનટીપીસી | 3.35 | 378.05 |
| રિલાયન્સ | 3.30 | 1389.40 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્ના | 1.32 | 1333.30 |
| એચસીએલ ટેકનો | 0.73 | 1354.10 |
| ICICI બેન્ક | 0.57 | 1357.60 |
| એસબીઆઇ | 0.43 | 1168.50 |
| ટીસીએસ | 0.35 | 2578.80 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 4.51 | 1499.00 |
| લાર્સન-ટુબ્રો | 3.88 | 4032.95 |
| એનટીપીસી | 3.36 | 378.15 |
| રિલાયન્સ ઇન્ડ. | 3.29 | 1389.80 |
| ભારત ઇલે. | 2.98 | 460.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 1.30 | 1333.00 |
| એચસીએલ ટેકનો | 0.73 | 1354.00 |
| એચયુએલ | 0.39 | 2253.80 |
| ICICI બેન્ક | 0.37 | 1359.45 |
| એસબીઆઇ | 0.27 | 1171.35 |

બીએસઈ ખાતે રામકૃષ્ણ ફોર્જીંગ્સ 41.55 ગણા, નેલ્કો 4.29 ગણા, ગ્રેટ ઈસ્ટર્ન શીપીંગ 3.96 ગણા, જેએમ ફાઈ. 3.71 ગણા અને લોઢા ડેવલપર્સ 3.14 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એલટી ફુડસ 43.72 ગણા, ઈઆઈએચ લિ. 23.49 ગણા, મઝગાંવ ડોક 9.08 ગણા, ડે. અગ્રવાલ હેલ્થકેર 6.65 ગણા અને ગાર્ડન રીચ 5.18 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટ આઉટપર્ફોમ કરતા જોવા મળ્યા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેકસ 1.44 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેકસ 1.38 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજપબૂત જોવાયા હતા. બીએસઈ 2804 શેરો વધ્યા હતા, જ્યારે 1452 શેરો ઘટ્યા હતા અને 161 શેરો યથાવત રહ્યા હતા.

શેરબજારમાં રીકવરીમાં મેટલ શેરોએ આગેવાની હાથ ધરી હતી. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 2.29 ટકા વધ્યાહ તા, જેમૈં નેલ્કો, હિન્દાલ્કો, વેલસ્પન કોર્પ, લોઇડ મેટલ, જેએસડબલ્યુ સ્ટીલ, એનએમડીસી, હિન્દુસ્તાન કોપર, એપીએલ અપોલો ટયુબ્સ, ટાટા સ્ટીલ અને જિન્દાલ સ્ટેનલેસ શેરો વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં વધારો થયો હતો, કારણ કે બજારના સહભાગીઓએ મધ્ય પુર્વમાં ભૌગોલિક વિકાસને અનુસર્યો હતો. વોલસ્ટ્રીટ પર રાતોરાત લાભને પગલે સેન્ટિમેન્ટને સુધારો થયો હોવાથી અને ક્રુડના વધતા ભાવો અંગેની ચિંતાઓને હળવી કરવામાં આવી હોવાથી એશિયન બજારો ઘણા દિવસોના તીવ્ર નુકશાન પછી ઉછાળા પર બંધ થયા હતા. દક્ષિણ કોરિયાની કોસ્પીએ નોંધાયેલા તેના સૌથી ખરાબ સેશનથી તીવ્ર ઉછાળો દર્શાવીને 12 ટકાથી વધુનો ઉછાળો લગાવ્યો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.24 ટકા, કેક 0.25 ટકા અને ડેક્સ 0.24 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.88 ટકા, સ્ટ્રેઈટસ 0.70 ટકા, હેંગસેંગ 0.40 ટકા, તાઈવાન 2.51 ટકા, કોસ્પી 0.78 ટકા, જકાર્તા 1.73 ટા અને શાંઘાઇ 0.64 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

# નિફ્ટી 24700ને પાર પણ દબાણ યથાવત

**જીયો-પોલિટિકલ** ટેન્શન વચ્ચે દરેક ઉછાળે વેચવાલી

**શેરબજારમાં** હજુય એક ઘટાડો આવી શકે

મુંબઈ, તા. 5: ત્રણદિવસના ભારે ઘટાડા બાદ આજે બજારમાં રાહતની રેલી જોવા મળી રહી છે. નિફ્ટી તથા બેન્ક નિફ્ટી ઉપરના સ્તરથી દબાણ હેઠળ છે. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ તેજી ચાલુ છે. ઈન્ડિયા વીઆઈએક્સમાં આજે 12 ટકાનો ઘટાડો જોવા મળી રહ્યો છે.

ઈરાન યુદ્ધને કારણે ક્રૂડ સપ્લાયમાં મુશ્કેલી વચ્ચે ચીનનો મોટો નિર્ણય આવ્યો છે. ચીને રિફાઈનરોને ડીઝલ અને ગેસોલિનની નિકાસ બંધ કરવાનો આદેશ આપ્યો છે. ચીનના આ નિર્ણયથી સિંગાપોર જીઆરએમમાં જોરદાર ઉછાળો આવ્યો છે. અહીં રિલાયન્સ અને અન્ય રિફાઈનિંગ કંપનીઓ માર્જિનમાં સુધારો થવાની અપેક્ષાને કારણે આજે જોરદાર બુલિશ છે. રિલાયન્સ લગભગ ત્રણ ટકાના ઉછાળા સાથે નિફ્ટીનો ટોપ ગેઈનર બની ગયો છે.

એજીઆર કિસ્સામાં વોડાફોનને મોટી રાહત મળવાની સંભાવના છે. સીસીએએ લાઈસન્સ ફીનું પુનઃ મૂલ્યાંકન પૂર્ણ કરી લીધું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર લાઈસન્સ ફીમાં 60થી 65 ટકાનો ઘટાડો થઈ શકે છે. આજે ડિફેન્સ શેરોમાં જોરદાર ખરીદી થઈ છે. ડિફેન્સ ઈન્ડેક્સ લગભગ ત્રણ ટકા વધ્યો છે. જર્મન સબમરીન માટેના કરારના સમાચારને કારણે મઝગાંવ ડોક પર 10 ટકાની ઉપરી સર્કિટ થઈ છે. ઉપરાંત, જીઆરએસઈ, કોચીન શિપયાર્ડ અને બીઈએલમાં 4થી 6 ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. ડિફેન્સ, મેટલ, પીએસયુ અને કેપિટલ માર્કેટના શેરમાં વધારો થયો હતો, આઈટી અને એફએમસીજી હળવા દબાણ હેઠળ હતા

ડિફેન્સની સાથે સાથે મેટલ, સરકારી કંપનીઓ અને કેપિટલ માર્કેટના શેરમાં પણ જોરદાર ઉછાળો જોવા મળી રહ્યો છે. ત્રણેય ક્ષેત્રના સૂચકાંકોમાં બે ટકાથી વધુનો ઉછાળો થયો છે. એલ્યુમિનિયમના ઊંચા ભાવને કારણે નાલ્કો અને હિન્ડાલ્કો 6 ટકાથી વધુના ઉછાળા સાથે ટોચના ફ્યુચર ગેઈનર્સમાં સામેલ છે. તે જ સમયે, આઈટી અને એફએમસીજી હળવા દબાણ બતાવી રહ્યા છે.

બજારમાં રિકવરી જોવા મળી છે, પરંતુ દરેક રેલીમાં તેનું વેચાણ થઈ રહ્યું છે. નિફ્ટી 24700 પોઈન્ટને પાર કર્યો છે, જે એકાદ-બે દિવસ ટકે તો બજારમાં તેજીનો દોર આગળ વધી શકે છે, પણ હજુય જીયો પોલીટીકલ ટેન્શન દૂર થયું નથી, ત્યારે હજુય એક ઘટાડો આવી શકે. આજે તો બજારમાં રિલાયન્સે સાચવ્યો છે. બેન્ક નિફ્ટીમાં પણ દરેક રેલીમાં વેચવાલી જોવા મળી હતી. માત્ર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે જ નિફ્ટીને પડતા બચાવી છે. સવારની સરખામણીમાં બજારના શ્વાસ પણ બગડ્યા હતા.

# વોડાફોન આઈડિયાની લાયસન્સ ફીમાં 60-65% ઘટાડાની શક્યતા

**ડીઓટીના** પુનઃ મુલ્યાંકનમાં લાયસન્સ ફી અંગેનો નિર્ણય 31 માર્ચ, 2026 સુધીમાં પુર્ણ કરાશે

નવી દિલ્હી, તા. 5: ડીઓટીના પુનઃમૂલ્યાંકન પછી, વોડાફોન આઈડિયાની લાઇસન્સફી 60થી 65 ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. ડીઓટીએ તમામ સંબંધિત કંટ્રોલર ઓફ કોમ્યુનિકેશન્સ એકાઉન્ટ્સ (સીસીએ) પાસેથી લાઇસન્સ ફીનું પુનઃ મૂલ્યાંકન પૂર્ણ કર્યું છે. સૂત્રોનું માનવું છે કે તે 31માર્ચ 2026 સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે. નિવૃત્ત આઈએએસ અધિકારીની આગેવાની હેઠળની ટેલિકોમ વિભાગ દ્વારા રચાયેલી સમિતિ અંતિમ નિર્ણય લેશે. વોડાફોન આઈડિયાના બાકી એજીઆર બાકી રકમમાં લાઈસન્સ ફી અને સ્પેક્ટ્રમ યુસેજ ચાર્જ શામેલ છે.

આ વર્ષની શરૂઆતમાં, દેવામાં ડૂબેલા વોડાફોન આઈડિયાએ કહ્યું હતું કે ટેલિકોમ વિભાગે નાણાકીય વર્ષ 2006-2007થી નાણાકીય વર્ષ 2018-2019 સુધીના સમયગાળા માટે કંપનીના એજીઆર લેણાં સ્થિર કરી દીધા છે. એજીઆર સાથે સંકળાયેલ કુલ બાકી લેણાંમાં મુખ્ય રકમ, વ્યાજ, દંડ અને દંડ પરના વ્યાજનો સમાવેશ થાય છે. આ બાકી રકમ ત્રણ તબક્કામાં ચૂકવવામાં આવશે. પ્રથમ તબક્કામાં કંપનીએ માર્ચ 2026થી માર્ચ 2031 વચ્ચે આગામી છ વર્ષ માટે દર વર્ષે મહત્તમ 124 કરોડ રૂપિયા ચૂકવવા પડશે. બીજા તબક્કામાં માર્ચ, 2025 સુધીમાં રૂ. 100 કરોડ અને બાકીના એજીઆર માર્ચ 2026થી માર્ચ, 2041 વચ્ચે છ સમાન વાર્ષિક સપ્તાહમાં ચુકવવામાં આવશે.

# સપ્લાય કાપના સમાચારથી ગુજરાત ગેસના શેરમાં 6%નું ગાબડું

**યુદ્ધની** અસર ભારતીય ઉર્જા કંપનીઓ ઉપર જોવા મળી રહી: ઔદ્યોગિક ગ્રાહકોના ગેસ સપ્લાયમાં કાપ મુકાયો

મુંબઈ, તા. 5: અમેરિકા-ઈરાન વચ્ચેના યુદ્ધની અસર જોવા મળી હતી. આ યુદ્ધના લીધે ગેસ સપ્લાય ચેઈનને અસર થઈ છે, જેના લીધે ઔદ્યોગિક ગ્રાહકોને ગેસ સપ્લાયમાં કાપ મુકવામાં આવ્યો હતો, જેને ઔદ્યોગિક ગ્રાહકોએ પુષ્ટિ કરી હતી, જેના લીધે ગુજરાત ગેસના શેરમાં 6 ટકાનો ઘટાડો નોંધાયો છે. આજે સવારે શેરબજાર ખુલતાની સાથે ગુજરાત ગેસના શેરની કિંમત 6.1 ટકા ઘટીને રૂ. 392ના ભાવે ખુલ્યો હતો. જે અગાઉના સ્ત્રમાં જોવા મળેલી તમામ સુધારો ગુમાવી દીધો હતો.

કંપનીએ માહિતી આપી હતી કે, મધ્ય પુર્વના ક્ષેત્રમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ગેસનો પુરવઠો પ્રભાવિત થયો છે. આનાથી આર-એલએનજીની ઉપલબ્ધતામાં ઘટાડો થયો છે. આ કારણોસર ગુજરાત ગેસે તેના ઔદ્યોગિક ગ્રહાકોને ગેસ સપ્લાય કાપવાનો નિર્ણય કર્યો ચે. આ નિર્ણય 6 માર્ચથી અમલમાં આવશે.

ગુજરાત ગેસે જણાવ્યું હતું કે, યુદ્ધ જેવી પરિસ્થિતિઓ તેની વીમા પોલિસીના દાયરામાં આવતી નથી. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષની વાસ્તવિક અસરનું સ્પષ્ટ મૂલ્યાંકન કરવું મુશ્કેલ છે.

કતાર ભારત માટે એલએનજીનો મુખ્ય સ્ત્રોત છે. ભારત તેની કુલ એલએનજી આયાતના લગભગ 50 ટકા કતાર પાસેથી ખરીદે છે. આવી સ્થિતિમાં, ત્યાંથી પુરવઠામાં કોઈપણ પ્રકારના વિક્ષેપની અસર સ્થાનિક ગેસ બજાર પર પડી શકે છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૭૫/૩૬ ” | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૩૬ ” | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| **લોકલ** | | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| | | ૮૦/૧૦૮ ” | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૫૫૭૦ |
| તેજાબી સોનું | ૧૬૫૪૮૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૭૨૯૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૬૨૨૬૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૫૫૭૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૦૨૦૦ |
| ચાંદી સિક્કા | ૨૭૧૭૦૦ |

# ફેબ્રુઆરીમાં વાહનોનું વેચાણ 25% ઉછળી રેકોર્ડ સ્તરે

**છૂટક** વાહનોનું વેચાણ 24.09 લાખ યુનિટ પર પહોંચી ગયું

નવી દિલ્હી, તા. 5: ફેબ્રુઆરીમાં ભારતમાં રિટેલ વાહનોના વેચાણમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. દેશમાં વાહનોનું વેચાણ વાર્ષિક ધોરણે 25.62 ટકા વધીને 24.09 લાખ યુનિટ પર પહોંચ્યું છે, જે ફેબ્રુઆરી 2024ના અગાઉના રેકોર્ડને વટાવી ગયું છે.

આ વધારો લગભગ તમામ વાહન સેગમેન્ટમાં જોવા મળ્યો હતો. ટુ-વ્હીલરના વેચાણમાં 25.02 ટકા, થ્રી વ્હીલરના વેચાણમાં 24.39 ટકા, પેસેન્જર વાહનોના વેચાણમાં 26.12 ટકા અને કોમર્શિયલ વાહનોના વેચાણમાં 28.89 ટકાનો વધારો થયો છે.

# નીતિશકુમાર મુખ્ય મંત્રીની ગાદી છોડશે એટલે હવે બિહારમાં ભાજપનું રાજ આવશે

**ટુ ધ પોઇન્ટ** — સમકિત શાહ



વિધાનસભામાં બહુમતી ધરાવ્યા વિના પણ મુખ્ય મંત્રીની ખુરશી પર સૌથી લાંબા સમય સુધી ચીટકી રહેવાનો રેકોર્ડ નીતીશકુમારના નામે છે, પણ હવે તેનો અંત નજીકમાં છે. બિહારમાં ૫ માર્ચે એક મોટું રાજકીય પરિવર્તન જોવા મળ્યું છે. રાજ્યના મુખ્યમંત્રી અને જનતા દળ યુનાઇટેડના નેતા નીતીશકુમારે રાજ્યસભા માટે ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે અને સોશ્યલ મીડિયાની પોસ્ટમાં તેની જાહેરાત કરી છે. નીતીશકુમારે ગુરુવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં પટનામાં પોતાનું નામાંકન દાખલ કર્યું છે. નીતીશકુમારના રાજ્યસભામાં પ્રવેશ પછી બિહારના આગામી મુખ્યમંત્રી ભાજપના હશે તેવું લગભગ ગોઠવાઈ ગયું છે. એમ કહેવું ખોટું નહીં હોય કે બિહારમાં નીતીશકુમારના યુગનો અંત આવી રહ્યો છે અને ભાજપ સરકાર પર સંપૂર્ણ નિયંત્રણ ધરાવતું થઈ જશે. હવે બિહારમાં નીતીશકુમાર નહીં, પરંતુ ભાજપ શાસન કરશે.

ગયા વર્ષે નવેમ્બરમાં બિહાર વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ તે પછી નીતીશકુમારે સતત ૧૦મી વખત મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. બિહારમાં NDAએ મહાગઠબંધનને હરાવી દીધું હતું. બિહાર વિધાનસભામાં કુલ ૨૪૩ બેઠકો છે. બિહારમાં ભાજપ ૮૯ વિધાનસભા બેઠકો ધરાવે છે, જ્યારે જેડીયુ ૮૫ બેઠકો સાથે બીજા સ્થાને છે. એનડીએના ઘટક એલજેપી (રામવિલાસ પાસવાન) પાસે ૧૯ બેઠકો છે. જીતનરામ માંઝીના હિન્દુસ્તાન અવામ મોરચા પાસે પાંચ બેઠકો છે. ઉપેન્દ્ર કુશવાહાના રાષ્ટ્રીય લોક મોરચા પાસે ચાર બેઠકો છે. મહાગઠબંધનની પૈકી રાષ્ટ્રીય જનતા દળ પાસે ૨૫ બેઠકો છે, જ્યારે કોંગ્રેસ પાસે છ, સીપીઆઈ (એમએલ) પાસે બે, ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) પાસે એક અને ભારતીય સમાવેશી પાર્ટી પાસે એક બેઠક છે. બીજી તરફ, અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી AIMIM પાસે ૫ અને માયાવતીની પાર્ટી BSP પાસે ૧ બેઠક છે. હાલ ભાજપ વિધાનસભામાં મોટા ભાઈની ભૂમિકા ભજવે છે. હવે ભાજપના કોઈ નેતા મુખ્યમંત્રી બનશે, ત્યારે ભાજપ સરકારમાં પણ મોટા ભાઈ તરીકે જોવામાં આવશે.

નીતીશકુમારના મુખ્ય મંત્રીની ગાદી છોડવાના નિર્ણય બાદ લોકોમાં બિહારના નવા મુખ્ય મંત્રી વિશે ઘણી અટકળો ચાલી રહી છે. સૂત્રોનો દાવો છે કે નવા મુખ્યમંત્રીપદ માટે પાંચ નામો સૌથી આગળ છે, જે તમામ ભાજપના નેતાઓ છે. તેમાં પહેલું નામ સમ્રાટ ચૌધરી, બીજું નામ નિત્યાનંદ રાય, ત્રીજું નામ દિલીપ જયસ્વાલ, ચોથું નામ વિજય સિંહા અને પાંચમું નામ દિઘાના ભાજપ ધારાસભ્ય સંજીવ ચૌરસિયાનું છે. મુખ્યમંત્રી પદની રેસમાં પહેલું નામ સમ્રાટ ચૌધરીનું છે. ૧૬ નવેમ્બર, ૧૯૬૮ના રોજ મુંગેરના લખનપુર ગામમાં જન્મેલા સમ્રાટ ચૌધરી બિહારના રાજકારણમાં એક અગ્રણી વ્યક્તિ બની ગયા છે. તેમના પિતા શકુનિ ચૌધરી એક અનુભવી રાજકીય નેતા હતા, જે છ વખત ધારાસભ્ય અને એક વખત સંસદ સભ્ય તરીકે ચૂંટાયા હતા, જ્યારે તેમની માતા પાર્વતી દેવી તારાપુર મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતી હતી. સમ્રાટ ચૌધરીએ ૧૯૯૦માં સક્રિય રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. મે ૧૯૯૯માં તેઓ રાષ્ટ્રીય જનતા પાર્ટીમાં રહીને રાબડી દેવીની સરકાર દરમિયાન બિહારના કૃષિ મંત્રી બન્યા હતા. ત્યાર બાદ તેઓ ૨૦૦૦ અને ૨૦૧૦માં પરબટ્ટા વિધાનસભા મતવિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. ૨૦૧૦માં તેમણે બિહાર વિધાનસભામાં વિપક્ષના મુખ્ય સૈનિક તરીકે પણ સેવા આપી હતી.

મૂળ આરજેડીમાં અને પાછળથી જેડીયુ સાથે જોડાયેલા સમ્રાટ ચૌધરીએ ૨૦૧૪ માં બિહારના રાજકારણમાં મોટી ઊથલપાથલ કરી હતી. તેમણે આરજેડીના ૧૩ ધારાસભ્યો સાથે બળવાખોર જૂથ બનાવ્યું હતું અને બાદમાં તેઓ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) માં જોડાયા હતા. આ પરિવર્તન બાદ ૨ જૂન, ૨૦૧૪ ના રોજ તેમણે જીતનરામ માંઝીની સરકારમાં શહેરી વિકાસ અને ગૃહનિર્માણ મંત્રી તરીકે શપથ લીધા હતા. માર્ચ ૨૦૨૩ માં ભાજપે તેમને સંજય જયસ્વાલના સ્થાને બિહાર રાજ્ય પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા હતા. ભાજપે ખાસ કરીને તેના OBC આધારને વિસ્તૃત કરવા માટે તેમની પસંદગી કરી હતી. ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકે તેમણે મુખ્યમંત્રી નીતીશકુમારની નીતિઓની આકરી ટીકા કરી હતી. આ સમયગાળા દરમિયાન તેમણે પ્રતિજ્ઞા લીધી અને પાઘડી પહેરવાનું શરૂ કર્યું હતું. તેમણે નીતીશકુમારને મુખ્યમંત્રીપદ પરથી દૂર કર્યા પછી જ તે ઊતારવાની પ્રતિજ્ઞા લીધી. જો કે, જ્યારે નીતીશકુમાર ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનમાં ફરી જોડાયા ત્યારે તેમણે પાઘડી ઊતારી દીધી હતી. જાન્યુઆરી ૨૦૨૪ માં સત્તાપરિવર્તન પછી સમ્રાટ ચૌધરીને ભાજપ વિધાનસભા પક્ષના નેતા અને બિહારના નાયબ મુખ્ય મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૨૦૨૫ ની ચૂંટણીઓ પછી NDA એ ફરીથી સરકાર બનાવી અને તેઓ નાયબ મુખ્ય મંત્રી બન્યા હતા. હવે તેઓ મુખ્ય મંત્રીની રેસમાં સૌથી આગળ છે.

મુખ્ય મંત્રીપદની રેસમાં બીજું નામ નિત્યાનંદ રાયનું છે. નિત્યાનંદ રાયે છેલ્લી લોકસભા ચૂંટણીમાં પોતાની બેઠક જાળવી રાખી હતી. તેમણે આરજેડી ઉમેદવાર આલોકકુમાર મહેતાને ૬૦,૧૦૨ મતોના માર્જિનથી હરાવીને પ્રભાવશાળી જીત નોંધાવી હતી. ૧૯૬૬માં જન્મેલા નિત્યાનંદ રાયે બિહારના હાજીપુર સ્થિત રાજનારાયણ કોલેજમાંથી ઉચ્ચ શિક્ષણ પૂર્ણ કર્યું, જ્યાંથી તેમણે સ્નાતકની ડિગ્રી મેળવી હતી. નિત્યાનંદ રાયને બિહારના રાજકારણમાં ભાજપનો મુખ્ય યાદવ ચહેરો માનવામાં આવે છે. ભાજપે તેમને આરજેડીના મજબૂત વિકલ્પ તરીકે રજૂ કર્યા છે જેથી તેમની પરંપરાગત યાદવ વોટ બેંકને નુકસાન પહોંચાડી શકાય અને ઓબીસી મતદારોને ભાજપ તરફ આકર્ષિત કરી શકાય. તેમણે બિહારમાં ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે પણ સેવા આપી છે, જ્યાં તેમણે પક્ષના પાયાને મજબૂત બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

મુખ્ય મંત્રીપદની રેસમાં ત્રીજું નામ દિલીપ જયસ્વાલનું છે. ડૉ. દિલીપકુમાર જયસ્વાલનો જન્મ ૩ ડિસેમ્બર, ૧૯૬૩ના રોજ બિહારના ખગરિયા જિલ્લાના ગોગરીમાં થયો હતો. તેઓ બે બાળકોના પિતા છે. તેઓ હિન્દુ છે અને અત્યંત પછાત ગણાતી કલવાર જાતિના છે. દિલીપ જયસ્વાલે ૨૨ વર્ષથી વધુ સમય સુધી બિહાર ભાજપના ખજાનચી તરીકે સેવા આપી હતી. તેમણે નીતીશકુમાર સરકારમાં મંત્રીપદ પણ સંભાળ્યું હતું. ૬૩ વર્ષના જયસ્વાલ પાસે પીએચ.ડી.ની ડિગ્રી છે. તેઓ પહેલી વાર ૨૦૦૯માં પૂર્ણિયા, અરરિયા અને કિશનગંજના સ્થાનિક સત્તાવાળાઓમાંથી વિધાન પરિષદમાં ચૂંટાયા હતા. તેઓ હાલમાં બિહાર ભાજપના પ્રમુખ છે.

મુખ્ય મંત્રીપદની રેસમાં ચોથું નામ વિજય સિંહાનું છે. ભાજપના નેતા વિજય કુમાર સિંહા આજે બિહારના રાજકારણમાં સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓમાંના એક છે. ૨૦૧૭ માં તેમને બિહાર સરકારમાં શ્રમ સંસાધન મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૨૦૨૦ માં તેઓ બિહાર વિધાનસભાના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. જાન્યુઆરી ૨૦૨૪ માં ભાજપ દ્વારા વિજયકુમાર સિંહાને બિહારના નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ત્યારે રાજ્યના રાજકારણમાં એક નવો વળાંક આવ્યો હતો. ૨૦૨૫ ની વિધાનસભા ચૂંટણી જીત્યા બાદ વિજય સિંહાને ફરી એક વાર બિહારના નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

મુખ્ય મંત્રીપદની રેસમાં પાંચમું નામ સંજીવ ચૌરસિયાનું છે. સંજીવ ચૌરસિયાએ પટનાના દિઘા મતવિસ્તારમાંથી ભાજપના ઉમેદવાર તરીકે ૨૦૨૫ની બિહાર વિધાનસભા ચૂંટણી લડી અને જીત મેળવી હતી. સંજીવ ચૌરસિયા પાસે ડોક્ટરેટની પદવી છે. નીતીશકુમારના રાજ્યસભામાં જવાની તૈયારી વચ્ચે હવે તેમના પુત્ર નિશાંતકુમાર જેડીયુમાં જોડાઈ ગયા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**નીતિશકુમારના મુખ્ય મંત્રીની ગાદી છોડવાના નિર્ણય બાદ બિહારના નવા મુખ્યમંત્રીપદની રેસમાં પાંચ નામો સૌથી આગળ છે, જે તમામ ભાજપના નેતાઓ છે**


**ગુજરાતમિત્ર ટચૂકડી** — ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 15/5, 28/05, દિવસ- 15. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) (2) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, નેપાળ, ગયાજી, અયોધ્યા, બનારસ. તારીખ- 14/5, દિવસ- 12. (3) દક્ષિણ ભારત, રામેશ્વર, કન્યાકુમારી, ઉંટી, બેંગ્લોર, તિરૂપતિ. તારીખ- 28/5, દિવસ- 12. (4) હરિદ્વાર, (અધિક માસમાં) ઋષિકેશ. તારીખ- 22/5, દિવસ- 7. ગ્રુપ બુકીંગ સ્વીકારીશું. મળો- દિપકભાઈ બોડીવાલા, યોગીકોમ્પ્લેક્ષ, તાપી હોસ્પિટલ સામે, ન્યુરાંદેરરોડ, સુરત. : 9825144143

**વ્યવસાયીક ધંધાકીય**

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**મોતીયાનુ ઓપરેશન**
ટાંકાવગર માત્ર 8400માં દવાવાળા આઈકેર હોસ્પિટલ પાલનપુર જકાતનાકા, 9898133189

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**ફીઝીકલ શેર સર્ટીફીકેટ**
વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

**લગ્ન વિષયક**

**કેનેડા રહેતા**
29 વર્ષના બ્રાહ્મણ યુવક માટે કોઈ પણ કાસ્ટની યુવતી આવકાર્ય 9512318416

**નોકરી વિષયક**

**વોક ઇન ઇન્ટરવ્યુ :**
ગુજરાત એઈડ્સ કંટ્રોલ સોસાયટી અનુદાન થી ચાલતા લક્ષ્ય ટ્રસ્ટ સુરત યુનિટ-૪ માં એમ. એન્ડ ઈ કમ એકાઉટન્ટ-૧ ની ફિક્સ પગાર થી ભરતી કરવાની છે લાયકાત બી.કોમ અને ટેલિના જાણકાર. તારીખ - 09/02/2025 સોમવાર , સવારે ૧૦:૩૦ કલાકે 804, આઠમો માલ, જાપાન માર્કેટ દેલ્હીગેટ, રીંગ રોડ, સુરત. મો. નં ૯૮૨૪૮૨૮૦૧૭/ ૯૩૨૮૩૦૭૨૬૫ તમામ અસલ તેમજ પ્રમાણિત સર્ટીફીકેટ સાથે હાજર રહેવું.

**FOR RENT**
80,000/-ના માસિક ભાડામાં
બેઝમેન્ટ (ગોડાઉન) ભાડે આપવાનું છે.
4000/- સ્કેવર ફીટ
2200/- કાર્પેટ
ક્રોમા પાસે, પીપલોદ
Con:- 9898024032
Dhaval Cyclewala

**જોઈએ છે**
સુરતમાં નામાંકિત ફાઈનાન્સિયલ કંપની માટે તરત જોડાઈ શકે તેવા ઉત્સાહી અને ઈચ્છુક વ્યક્તિ, RS. 4,00,000 થી વધુ કમાવવાની અને કરિયર બનાવવાની સુવર્ણ તક. સંપર્ક. કાજલબેન પટેલ મોબાઈલ નંબર: 9714134950

**જીનિયસ ના પગારના**
સોફ્ટવેરના જાણકાર તથા ડેટા એન્ટ્રી માટે ઓપરેટર જોઈએ છે મોં: ૯૩૭૪૭૧૦૪૦૫/ ૭૮૭૮૪૮૯૬૫૧ પગાર ૮૦૦૦/- થી ૧૦૦૦૦/ - (873)

**લોનની કંપની**
માટે ટેલીકોલર છોકરી જોઈએ છે પાર્ટટાઈમ/ ફુલટાઈમ Location નાનપુરા સુરત મો: 9586817707 (874)

**જમીન વેચવાની છે**
નેત્રંગ તા. નજીક
10 એકર
પિયાત જમીન વેચવાની છે.
દલાલ આવકાર્ય
7228004300

**પાંડેસરા પિયુષ પોઈન્ટ**
માં ધ પ્રાઈમ રૂમ્સ પ્રતિષ્ઠિત ગેસ્ટ હાઉસ માટે રિસેપ્શન માટે 2 છોકરા જોઈએ છે કોમ્પ્યુટરના જાણકાર સાફ- સફાઈ માટે 2 વ્યક્તિની જરૂર છે રહેવા જમવાની સુવિધા સાથે Mo. 9426825660

**મિલ્કત ભાડેથી**

**ઓફીસ લાયક જગ્યા**
ભાડે આપવાની છે 105, દિપકલમ કોમર્શીયલ હબ, પહેલો માળ, સરથાણા જકાતનાકા, વરાછા મેઈન રોડ, સુરત. મો. 9427181185

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.